EDII

Prabhat

May 11, 2026
Page No. 06

# ઈડીઆઈઆઈના ૪૬મા નેશનલ સમર કેમ્પ ઓન એન્ટરપ્રેન્યોરિયલ સ્ટિમ્યુલેશન ફોર ચિલ્ડ્રનમાં ૬ રાજ્યોના ૧૧૫ બાળકોએ ભાગ લીધો



એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ દ્વારા ૩ થી ૮ મે, ૨૦૨૬ દરમિયાન બાળકો માટે 'એન્ટરપ્રેન્યોરિયલ સ્ટિમ્યુલેશન ફોર ચિલ્ડ્રન' વિષય પર ૪૬મા નેશનલ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નેશનલ સમર કેમ્પમાં ૧૨ થી ૧૬ વર્ષની વયના ૬ રાજ્યોના ૧૧૫ બાળકોએ ભાગ લીધો હતો.

રેસિડેન્શિયલ કેમ્પ અંતર્ગત મેન્ટલ જિમ, મોટિવેશન એક્સરસાઇઝ, પઝલ્સ, વેલ્યુ એજ્યુકેશન, ઇન્ડસ્ટ્રી વિઝિટ, સક્સેસ સ્ટોરીઝ દ્વારા લર્નિંગ તેમજ આઈડિયા પ્રેઝન્ટેશન જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને જીવનના પડકારોને સમજવા તથા સંકટો અને નિષ્ફળતાઓનો સામનો કરવા માટે જરૂરી કૌશલ્યોના મહત્વ વિશે માહિતગાર કરવા માટે અગ્રણી ઉદ્યોગસાહસિકો અને વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર વ્યક્તિઓ સાથે ઇન્ટરએક્શન સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

૪૬મા નેશનલ સમર કેમ્પના વેલેડિક્ટરી સેશનમાં મુખ્ય અતિથિ તરીકે ઓનેસ્ટ રેસ્ટોરન્ટ્સના સ્થાપક શ્રી વિજય ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી વિજય ગુપ્તાએ જણાવ્યું હતું કે, "તમારી ઉંમરે આવા કેમ્પોમાં ભાગ લેવો અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે સાચું શીખવું અહીંથી શરૂ થાય છે. સ્કૂલ એજ્યુકેશન જ્યાં માત્ર અભ્યાસ પૂરતું મર્યાદિત રહે છે, ત્યાં આવા કેમ્પો લાઈફ સ્કિલ્સ અને સફળતા મેળવવા માટેની વિશેષ ક્ષમતાઓ વિકસાવે છે. નિશ્ચિતરૂપે તમે અહીં ક્રિટિકલ થિંકિંગ, ઈમોશનલ સ્ટેબિલિટી, યોગ્ય વિકલ્પોની પસંદગી, પરિસ્થિતિઓનું મૂલ્યાંકન, યોગ્ય નિર્ણયો લેવા તથા ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનું શીખશો."

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું કે, "ઈડીઆઈઆઈનો સમર કેમ્પ મહત્ત્વાકાંક્ષી બાળકોની ક્ષમતાઓને ઓળખી તેમની અંદર એન્ટરપ્રેન્યોરિયલ ટ્રેઈટ્સ તથા લાઈફ સ્કિલ્સ વિકસાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. ૪૬મા સમર કેમ્પ દ્વારા બાળકોમાં એવા કૌશલ્યો અને જ્ઞાનનો વિકાસ કરવામાં આવ્યો છે, જેના કારણે તેઓ આત્મવિશ્વાસ અને સ્પષ્ટતા સાથે પોતાના ભવિષ્યની દિશા નક્કી કરી શકે."

કેમ્પ લીડર ડૉ. પંકજ ભારતી વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકોની સક્રિય ભાગીદારી અને શીખવા પ્રત્યેના તેમના ઉત્સાહ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. અત્યાર સુધી ઈડીઆઈઆઈએ દેશભરમાં તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કુલ ૩૨૨૮થી વધુ બાળકોને તાલીમ આપી છે.